# મે. સુરતના જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ  સાહેબશ્રીની કોર્ટમાં

**આંક –** __________

**ગુનોઃ –        ઇ.પી.કો. કલમ ૨૭૯**

## **// ચુકાદો //**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે ક, આ કામનો આરોપીએ બનાવ સ્થળે અને સમયે પોતાનું વાહન પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તથા લોકોના જીવ જોખમાય અથવા ગંભીર અકસ્માત થાય તે રીતેત બેદરકારી થી ચલાવી લાવી પકડાઇ જઇ તમો આરોપીએ ઇ.પી.કો. ની કલમ – ૨૭૯ તથા એમ.વી. એક્ટ ની કલમ ૧૮૪, ૧૭૭ મુજબનો ગુનો કરેલ છે.
2. આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે અત્રેની કોર્ટને કોઇ કારણ જણાતું નથી. જેથી આરોપીઓની ગુના કબુલાત ગ્રાહ્ય રાખવામાં આવે છે.
3. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. સદર ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## **// હુકમ //**

1. આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ ઇ.પી.કો. ની કલમ – ૨૭૯ તથા એમ.વી. એક્ટ ની કલમ ૧૮૪, ૧૭૭ ના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી ને રૂ૦ ૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા)નો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
2. મુદ્દામાલનો નીયમ મુજબ ખરાઇ કરી નીકાલ કરવો.

હુકમ આજ તારીખ ૧૩–૦૭–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા.૧૩/૭/૨૦૧૯**
**સુરત.**

**(હર્ષદભાઇ શનાભાઇ ચાવડા)**
**૧૨મા (એડ–હોક) એડી. જ્યુડીશીયલ**
**મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ, સુરત**
**યુનીક આઇ.ડી.કોડ નં. જીજે૦૧૫૩૪**